
હરિ ૐ આશ્રમ પ્રેરિત ગિજુભાઈ સ્મારક
બાલજીવન ઘડતર શ્રેણી
પુષ્પ: ૫

# સુવર્ણની માયા



લેખક: મુકુલ કલાર્થી

ચરોતર એજ્યુકેશન સોસાયટી આણંદ

હરિ ૐ આશ્રમ પ્રેરિત

ગિજુભાઈ સ્મારક બાલજીવન-ઘડતર યોજના

પુષ્પ પાંચમું

# સુવર્ણની માયા

મુકુલભાઈ કલાર્થી

ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ

પ્રકાશક :
ચરોતર એજ્યુકેશન સોસાયટી
આણંદ

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૫

કિંમત : રૂ. ૧=૫૦

મુદ્રક :
મનુભાઈ ગોરધનદાસ શાહ,
( ભાગીદાર )
**શીલા પ્રિન્ટિંગ પ્રેસ**
૧૮, સિટી મિલ કમ્પાઉન્ડ
કાંકરીયા રોડ, **અમદાવાદ**

# પ્રકાશકનું નિવેદન

હરિ ૐ આશ્રમવાળા પૂ. મોટાએ, પ્રજા તરીકે આપણે સ્વસ્થ થઈએ, આપણામાં શૌર્ય, હિંમત, બહાદુરી ને સમર્પણની ભાવના વિકસે, તે માટે એક ઉત્થાન યજ્ઞ આદર્યો છે. એમની ભાવના એ છે કે ઉછરતી પેઢીના મનમાં, એના દિલમાં, એની કલ્પનાના વિકાસની સાથે સાથે ગુણ ને ભાવનાનાં બીજ નાખીએ તો મોટપણે એ ગુણ ને ભાવનો આવિર્ભાવ એમના જીવનમાં થાય.

કલ્પનાના માધ્યમ દ્વારા બાળકોમાં ગુણ ને ભાવ પ્રગટે તેવી બાળવાર્તાઓની શ્રેણી પ્રકટ કરવા એમણે ચરોતર એજ્યુકેશન સોસાયટીને "હરિ ૐ આશ્રમ પ્રેરિત ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજના" માટે રૂ. ૨૫૦૦૦)નું દાન આપ્યું. અમારું એ સદ્‌ભાગ્ય રહ્યું કે આ દાન માટેની પાત્રતા અમારામાં પૂ. મોટાને દેખાઈ, શ્રેણીનું સદભાગ્ય રહ્યું કે એની સાથે બાળકોના વિકાસની ધજા લહેરાવનાર સ્વ. ગિજુભાઈનું નામ સંકળાયેલું છે.

બાળસાહિત્ય માટે સોસાયટીએ એના સ્થાપનાકાળથી પ્રયાસ કર્યો છે. એના સ્થાપક પૂ. મોતીભાઈ સાહેબે ગુજરાતી ભાષાના પ્રથમ બાલ માસિક "બાલમિત્ર"ની શરૂઆત ઑગસ્ટ ૧૯૨૦માં કરેલી આજેય એ છ રૂપિયાના વાર્ષિક લવાજમમાં પોષક ને રોચક વાચનસામગ્રી પીરસે છે. સોસાયટીએ બાળકો માટે નાનાં જીવન-ચરિત્રોની એક હારમાળા પ્રસિદ્ધ કરી છે. તેમાં આ "બાલ સાહિત્ય માળા" એક નવું પ્રસ્થાન છે, નવી કેડી છે.

માળાના પાંચમાં પુષ્પ તરીકે મુકુલ કલાર્થી રચિત "સુવર્ણની મળ્યા" રજૂ કરતાં સ્વાભાવિક આનંદ થાય છે. શ્રી મુકુલ કલાર્થીને પ્રસંગો, પ્રસંગ વાર્તાઓ અને જીવનચરિત્રોના લેખનની હથોટી છે. એમના જેવાની કસાયેલી કલમે લખાયેલી આ વાર્તાઓ બાળકોના દિલમાં પૂ. મોટાએ સેવેલ ગુણ ભાવનાં બીજ સંક્રાંત કરશે એવી અમને શ્રદ્ધા છે.

કાગળની અછતના આ જમાનામાં અમારી દા. ન. હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી પ્રફુલ્લભાઈ શાહે કાગળ મેળવી આપી છાપકામની જવાબદારી ઉપાડી લીધી અને અમારો ભાર હળવો કર્યો તે બદલ એમનો ખૂબ આભાર માનું છું.

આશા છે કે "સુવર્ણની મળ્યા" ની વાર્તાઓ બાળકોનાં દિલમાં ભાવનાનાં પૂર જન્માવશે ને એમના દિલમાં ભાવિ ઘડતરનાં બીજ રોપશે.

ચરોતર એજ્યુકેશન સોસાયટી — ઈશ્વરભાઈ પટેલ
આણંદ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સુવર્ણની માયા .... .... .... | ૫ |
| ૨. | કથીરમાંથી કંચન .... .... .... | ૧૪ |
| ૩. | મંગળાનો મોતિયો .... .... .... | ૨૨ |
| ૪. | વાંદરાના દોસ્તદારો .... .... .... | ૩૩ |
| ૫. | પિતાની શિખામણ .... .... .... | ૩૯ |

૧

# સુવર્ણની માયા

એક પૈસાદાર માણસ હતો. એનું નામ લક્ષ્મીદાસ. એને એક દીકરી હતી. એનું નામ હતું સોનલ.

લક્ષ્મીદાસને સોનું બહુ ગમે. તે સોનું એકઠું કર્યા કરતો.

લક્ષ્મીદાસની મોટી વાડી હતી. વાડીમાં કેરી, ચીકુ, દાડમ, રાયણ, બોર, જામફળ વગેરે ફળો ખૂબ થાય. એની પણ આવક સારી હતી.

વાડીમાં મોટો બંગલો હતો. એમાં એક ઓરડી ખાસ બનાવી હતી. એમાં લક્ષ્મીદાસ પોતાનું ધન રાખતો. સોનું પણ મોટા પ્રમાણમાં હતું. એની પાસે વધારે પૈસા થાય. એટલે તે સોનું ખરીદતો.

રોજ રાતે લક્ષ્મીદાસ એ ઓરડીમાં જાય. પોતાનો ધનભંડાર જુએ અને નિસાસા નાખે! તે મનમાં કહે: 'મારી પાસે ખૂબ ખૂબ સોનું હોય, તો કેવી મજા પડે! સોનાની થાળીમાં જમું, સોનાના પ્યાલામાં પાણી પીઉં, સોનાની વાડકી હોય, સોનાની ચમચી હોય, એવું બધું સોનાનું હોય તો આનંદ જ આનંદ! મને એવો કીમિયો મળી જાય તો કેવું સારું!'

આમ, ઘણા ઘણા દિવસો પસાર થઈ ગયા.

સોનલ ઘણી વાર કહે: 'બાપુ, હવે લોભ છોડો. બહુ સોનું ભેગું કરીને કરશો શું? બાપુ, બોલો જોઉં, તમને કોણ વધારે વહાલું? હું કે સોનું?'

સોનલની બા એને નાની મૂકીને ગુજરી ગઈ હતી. સોનલ પર લક્ષ્મીદાસને ખૂબ હેત હતું. એટલે લક્ષ્મીદાસ સોનલના વાંસા પર હેતથી હાથ ફેરવતો કહે : 'દીકરી, તું જ મને ખૂબ વહાલી છે. પણ સોનું પણ મને એટલું જ વહાલું છે.'

એક દિવસ રાતનો સમય હતો. લક્ષ્મીદાસ એની ઓરડીમાં સોનું જોતો જોતો વિચારે ચડી ગયો : 'જો કોઈ દેવતા મારા પર પ્રસન્ન થઈ જાય, તો કેવું સારું! એટલું સોનું માગું, એટલું સોનું માગું કે, ન પૂછો વાત!'

એવામાં એની ઓરડીમાં બધે પ્રકાશ પ્રકાશ થઈ ગયો. જુએ છે તો સામે દેવતા ઊભા છે! તેજનો જાણે અંબાર!

લક્ષ્મીદાસની આંખો ફાટી ગઈ! ઓહો! આ તો દેવતા પધાર્યા! તેણે ભક્તિભાવથી વંદન કર્યું.

દેવતાએ મીઠું સ્મિત ફરકાવતા કહ્યું : 'તેં મને કેમ યાદ કર્યો? બોલ, તારે શું જોઈએ? તું જે માગશે તે હું તને આપીશ.'

લક્ષ્મીદાસ ગળગળો થઈ ગયો. તે બોલી ઊઠયો : 'હે ભગવાન, મને એવી શક્તિ આપો કે, જેને હું અડું તે સોનાનું થઈ જાય.'

દેવતા બોલ્યા : 'તારી ઇચ્છા પૂર્ણ થાઓ! સવારે તું ઊઠશે, ત્યારથી તારા હાથમાં એ શક્તિ આવી જશે. જેને તું અડશે તે સોનાનું થઈ જશે. હવે રાજી થયો ને?'

લક્ષ્મીદાસ દેવતાનાં ચરણમાં ઢળી પડયો. તે બોલ્યો : 'મારા ભગવાન, આપનો જેટલો આભાર માનું તેટલો ઓછો જ છે.'

લક્ષ્મીદાસ પથારીમાં સૂતો. પણ તેને ઊંઘ જ નહિ આવે. ક્યારે સવાર થાય, એની જ તે આતુરતાથી રાહ જોવા લાગ્યો. પણ ક્યારે ઊંઘ આવી ગઇ, એની તેને ખબર પણ પડી નહિ!

સૂરજનો પ્રકાશ એના ઓરડામાં ફેલાઈ ગયો. પંખીડાં પણ કલરવ કરતાં આમતેમ ઊડવા લાગ્યાં. દૂર કિચૂડ કિચૂડ અવાજ કરતો કોશ ચાલી રહ્યો હતો.

લક્ષ્મીદાસ એકદમ ઝબકીને જાગી ઊઠયો. અરે, બહુ મોડું થઈ ગયું! પણ આ શું? તેની આખી પથારી ઝગમગી રહી હતી! તેનાં કપડાં પણ કેવાં ચમકી રહ્યાં હતાં!

તેને હવે ખ્યાલ આવ્યો. આ તો દેવતાના વરદાનનો પ્રતાપ!

ચાદર સોનાની, ગાદલું સોનાનું, પલંગ સોનાનો, પહેરણ સોનાનું, ધોતિયું સોનાનું!

આ બધું જોઈને લક્ષ્મીદાસ છળી ઊઠયો: 'ઓ બાપ રે! આટલું બધું સોનું! આ બધું જોઈને હું ગાંડો તો નહિ થઈ જાઉં!'

તે ઊઠયો. ખુરશી પર બેઠો. હાથ ખુરશીના હાથા પર પડયો, ત્યાં તો આખી ખુરશી સોનાની!

લક્ષ્મીદાસની તો આંખ જ ફાટી ગઈ! તે જોરથી ખડખડાટ હસ્યો. આખો ઓરડો ગાજી ઊઠયો. તેના આનંદનો પાર ન હતો.

તે ખુરશી પરથી ઊઠીને અરીસા ભણી ગયો. અરીસામાં જુએ, તો એનાં કપડાં સોનાનાં પાતળાં પતરાં બની ગયાં હતાં! શી એની શોભા હતી!

તેનો શ્વાસ અદ્ધર રહી ગયો!

લક્ષ્મીદાસે માથાના વાળ સરખા કરવા માટે હાથમાં કાંસકી લીધી. ત્યાં તો કાંસકી પણ સોનાની થઈ ગઈ!

લક્ષ્મીદાસ તો ઘેલો ઘેલો થઈ ગયો! તે દોડતો દોડતો માળ પરથી નીચે ઊતરવા લાગ્યો. તેને થયું, 'લાવ, આ ચમત્કાર સોનલને બતાવું.'

તે દાદરના કઠેરાની ઉપર હાથ મૂકીને ઊતરવા લાગ્યો, તો આખો કઠેરો સોનાનો થઈ ગયો!

લક્ષ્મીદાસને થયું : 'આ શો ગજબ! આટલું બધું સોનું! અધધધ!'

તે ભોજનના મેજ ભણી ગયો. તેનું ગળું સુકાતું હતું. તેણે પ્યાલો લીધો. અરે, પ્યાલો પણ સોનાનો થઈ ગયો! તેણે પાણીનો ચંબુ લીધો. તો એ પણ સોનાનો થઈ ગયો.

લક્ષ્મીદાસ અચંબામાં ગરકાવ થઈ ગયો! તેણે પ્યાલામાં પાણી રેડચું. પણ આ શું? પાણીને બદલે સોનાનો રસ!

લક્ષ્મીદાસ ગભરાયો! ઓહ! સોનાનો રસ કંઈ પિવાય? તરસથી તેનું ગળું રૂંધાતું હતું.

રકાબીમાં મજાની લીલી દ્રાક્ષ હતી. એને થયું, 'લાવ, એકબે દ્રાક્ષ મોંમાં નાખું. ગળું તરસથી સુકાઈ રહ્યું છે!' તેણે એકાદ બે દ્રાક્ષ તોડવા હાથ અડકાડચો, ત્યાં તો બધી જ દ્રાક્ષ સોનાની બની ગઈ!

લક્ષ્મીદાસ બરાડી ઊઠચો : 'ઓ મારા બાપ! આ શો ગજબ! હું તો ભૂખે-તરસે મરી જવાનો! આ સુવર્ણની માયા મને જીવતો ભરખી જશે કે શું? આ બધું જોઈને મારું ભેજું તો નહિ ચસકી જાય ને! ઓ મારા ભગવાન, આટલું સોનું મને પૂરતું છે. મારે હવે વધારે નહિ જોઈએ, મારા પ્રભુ!'

ત્યાં તો સોનલ ભોજનખંડમાં દાખલ થઈ. બાપુનાં કપડાં સોનાનાં, ખુરશી સોનાની, મેજ સોનાનું, પ્યાલો સોનાનો, ચંબુ સોનાનો, દ્રાક્ષ સોનાની જોઈને તે તો હેબતાઈ જ ગઈ! તેને થયું, 'હું સ્વપ્નું તો નથી જોતી ને?'

સોનલ ગભરાટમાં ને ગભરાટમાં 'ઓ બાપુ! ઓ બાપુ!' કરતી લક્ષ્મીદાસ તરફ દોડી ગઈ.

લક્ષ્મીદાસે પણ પોતાની વહાલી દીકરીને બાથમાં લેવા હાથ લંબાવ્યો. તેણે હાથમાં સોનલને લીધી.

પણ........આ શું? આખી સોનલ સોનાની થઈ ગઈ! ન બોલે, ન ચાલે, ન હાલે, ન હસે! સોનાનું પૂતળું જ જોઈ લો!

લક્ષ્મીદાસ તો આ જોઈને માથું કૂટવા લાગ્યો. તે ફાટતા અવાજે બોલી ઊઠયો: 'હે ભગવાન! મને ક્ષમા કરો! સુવર્ણની માયામાં હું ભાન ભૂલ્યો! મારું આ બધું સોનું લઈ લો, પાછું લઈ લો. મારે એક રતિ જેટલું પણ સોનું ન જોઈએ. મને મારી વહાલસોયી દીકરી આપો, મારા પ્રભુ! સોનલનું હાસ્ય, તેના બોલ, તેની મીઠી નજર મારે મન સર્વસ્વ છે. મને ક્ષમા કરો! ક્ષમા કરો! આ શાપરૂપ વરદાન પાછું લઈ લો, મારા ભગવાન!'

એમ બોલતો બોલતો લક્ષ્મીદાસ હૈયાફાટ રડવા લાગ્યો.

એવામાં ત્યાં બધે પ્રકાશ પ્રકાશ ફેલાઈ ગયો. જુએ છે તો પેલા જ દેવતા સ્મિત ફરકાવતા ઊભા છે!

લક્ષ્મીદાસ દોડતો દોડતો દેવતાના પગ પકડીને જોરથી રડતો બોલ્યો: 'મારા પ્રભુ! મને માફ કરો! મારે આવું વરદાન ન જોઈએ! એ પાછું લઈ લો, ભગવાન! પાછું લઈ લો! મારે હવે સોનું પણ ન જોઈએ, રૂપું પણ ન જોઈએ;



ન જોઈએ ઝવેરાત કે ધનદોલત! આગ લાગો એ બધી માયાને! મને મારી વહાલી દીકરી પાછી આપો. એ પહેલાંના જેવી હસતી, રમતી, બોલતી થઈ જાય એમ કરો, મારા પ્રભુ!'

એમ કહીને લક્ષ્મીદાસ ગાંડા જેવો માથું કૂટવા લાગ્યો. તે દેવતાના પગ પકડીને રડી પડયો.

દેવતાએ કહ્યું: 'લક્ષ્મીદાસ, તારી ઘણા વખતથી ઇચ્છા હતી કે, ખૂબ ખૂબ સોનું મળે તો કેવું સારું! એ ઇચ્છા પૂરી કરવા તેં જ વરદાન માગ્યું હતું. તને એમ કે ખૂબ સોનું હોય, તો તું સુખી થઈ શકશે. પણ તને હવે સમજાયું કે, સુખ શામાં રહેલું છે. હવે ડાહ્યો થઈ જજે અને સાચું સુખ મેળવજે.'

લક્ષ્મીદાસ દડદડ આંસુ સારતો બોલ્યો : 'હે મારા પ્રભુ! મારી ભૂલ મને હવે સમજાઈ છે. મારી દીકરી મને પાછી આપો. મારા પર આટલી દયા કરો! મારે હવે એક રજ પણ સોનું ન જોઈએ.'

દેવતાએ કહ્યું : 'જા, હવે તારી ઇચ્છા મુજબ થશે. આ પાણી બધે છાંટજે, એટલે બધું પહેલાંના જેવું થઈ જશે.'

એમ કહીને દેવતા અલોપ થઈ ગયા.

લક્ષ્મીદાસે તરત જ સોનલ પર પાણી છાંટ્યું. તે પહેલાંના જેવી થઈ ગઈ.

સોનલ એકદમ બાપુને બાઝી પડી.

લક્ષ્મીદાસને તો જાણે ફરીને જન્મ મળ્યો હોય એટલો આનંદ થયો. તેણે તરત જ પાણી બધે છાંટી દીધું. બધે જેવું હતું તેવું થઈ ગયું.

લક્ષ્મીદાસ 'હાશ!' કરીને ખુરશીમાં ફસડાઈ પડ્યો! તેને પરસેવો પરસેવો થઈ ગયો હતો. જાણે ભયાનક સ્વપ્નમાંથી જાગ્યો હોય એવું એને લાગ્યું. માથા ઉપરથી ભયંકર આફત ઊતરી ગઈ હોય એવી નિરાંત તેને થઈ.

તેણે સોનલને પાસે બોલાવીને વહાલથી કહ્યું : 'બેટા, મને ઠંડું પાણી આપ. મારું ગળું ક્યારનું સુકાઈ રહ્યું છે. મારો જીવ રૂંધાય છે!'

સોનલે પ્યાલામાં પાણી ભરી આપ્યું.

બે ઘડી લક્ષ્મીદાસ પ્યાલાને અને પાણીને જોઈ રહ્યો. પછી ગાંડાની માફક ગટગટાવી ગયો.

સોનલે પૂછ્યું : 'બાપુ, આ બધું શું થઈ ગયું? મને તો કશું સમજાતું નથી!'

લક્ષ્મીદાસે રડતાં રડતાં સોનલને બધી વાત કહી સંભળાવી.

સોનલ બાપુને ઠપકો આપતી હોય એમ બોલી : 'કાં બાપુ, તમને તો સોનું બહુ વહાલું હતું ને ! સોનાનાં કપડાં, સોનાની પથારી, સોનાની ખુરશી, સોનાનું મેજ, સોનાનો પ્યાલો, સોનાનો ચંબુ, સોનાની દરાખ, સોનાનું પાણી અને સોનાની સોનલ ! અહા ! સોનું જ સોનું ! આવું મજાનું સુખ છોડીને પાછા દુઃખમાં કેમ આવી પડયા ?'

લક્ષ્મીદાસ શરમાતો શરમાતો બોલી ઊઠયો : 'દીકરા, એ મારી ઘેલછા હતી ! ભગવાને મને બરોબર પાઠ શીખવ્યો.'

સોનલ હસતી હસતી કહે : 'હવે તમારી સાન ઠેકાણે આવીને ? હવે બાપુ, બોલો જોઉં ? તમને કોણ વધારે વહાલું ? સોનલ કે સોનું ?'

લક્ષ્મીદાસ પોતાની વહાલસોયી દીકરીને વહાલથી બાથમાં લઈને કહે :

'મારી લાડકી દીકરી સોનલ જ !'

લક્ષ્મીદાસે તે દિવસથી જ બધી મિલકતમાંથી પોતાનું અને સોનલનું ગુજરાન ચાલે એટલું બાજુએ રાખીને બાકીનું બધું સારાં કાર્યોમાં દાન કરવા માંડયું. સોનાની તો એક રજ સુધ્ધાં ઘરમાં રાખી નહિ.

વહેલી સવારે ઊઠી લક્ષ્મીદાસ પોતાની વાડીમાં જતો અને કામ કરતો. દીકરી સોનલ સાથે તે સુખેથી રહેવા લાગ્યો.

૨

## કુથીરમાંથી કંચન

એક હતો ચોર. તેનું બીજું કામ શું? તે તો ચોરી કરે અને લહેરમાં રહે.

તેની પત્નીને આ ન ગમે. તે એક દિવસ કહે : 'સાંભળો તો! હવે બહુ થયું! પાપનો ઘડો ફૂટ્યા વિના નહિ રહે. કોઈને રડાવીને ખાવું એ સારું નહિ કહેવાય. હવે ડાહ્યા થઈને કંઈ કામધંધો કરો. ભગવાને તમને બે હાથ આપ્યા છે, એનો સારા કામમાં ઉપયોગ કરો. આપણા ગામના રામજી ભગતની વાત સાંભળવા જાઓ, તો બે શબ્દ કાને પડે અને તમને સદ્‌બુદ્ધિ આવે.

'ગઈ કાલે ભગતજીએ વાલિયા લૂંટારાની વાત કરી. તમે એ સાંભળી હોત, તો આજથી જ તમે ચોરીનો ધંધો છોડી દીધો હોત. પાપનું ફળ દરેક માણસને જ ભોગવવું પડે છે. એમાં પત્ની, બાળકો કે માબાપ ભાગીદાર નહિ થાય. માટે હવે ચોરીનો ધંધો છોડો. પસીનાની રોટી જ મીઠી લાગે, હરામની નહિ.'

પત્નીની વાત સાંભળી ચોર છંછેડાઈ ઊઠ્યો. તે કહે : 'ઓહો! ભગતજીએ તો તને બહુ સારો પાઠ ભણાવ્યો છે ને! તને આમાં સમજ નહિ પડે. હું પણ ધંધો જ કરું છું ને? માથાને હાથમાં રાખીને ચોરી કરવા જવું પડે છે. ઢીલાપોચા માણસનું એમાં કામ નહિ. તું તારે તારું કામ કર્યા કર. મને મારું કામ કરવા દે.'

આ વાતને ઘણા દિવસ વહી ગયા. એક દિવસ પેલો ચોર બજારમાંથી આવતો હતો. એવામાં રામજી ભગત કૂવેથી પાણી ભરીને આવતા હતા. તે ચોરને સામે મળ્યા.

ચોર ભગતજીને જોઈને જરા ખમચાયો. તેને મનમાં તે દિવસથી એવો ડર રહ્યા કરતો હતો કે, જો હું ભગતની વાત સાંભળીશ, તો પછી મારે ચોરીનો ધંધો છોડી દેવો પડશે અને સારે રસ્તે ચાલવું પડશે! એવું કરવા જઈશ તો હું ભૂખે જ મરી જઈશ. મારાથી બીજો કામધંધો થાય એમ નથી.' એટલે તે બહુ સાવચેત રહેવા લાગ્યો અને ભગતજીથી દૂર જ રહેતો.

આજે ભગતજી જ સામા ભટકાયા! હવે શું થાય? 'રામ રામ' તો કરવા જ પડે ને? એટલે ચોર બોલ્યો: 'રામ, રામ!'

રામજી ભગતે પણ હસતાં હસતાં કહ્યું: 'રામ રામ. ભાઈ, રામ રામ! કેમ ભાઈ, ઘણા દિવસથી તમે કંઈ દેખાતા જ નથી? તબિયત તો સારી છે ને? તમારાં ઘરવાળાં ભજનકીર્તનમાં રોજ આવે છે. તમારી તબિયત પૂછવાનું મન થઈ જાય. પણ લોકોની ભીડમાં પૂછવાનું રહી જાય. તમે પણ કોઈ કોઈ વાર આવો તો અમને આનંદ થાય.'

પેલો ચોર રામજી ભગતની પ્રેમાળ વાણી સાંભળીને મૂંઝવણ અનુભવવા લાગ્યો. તેને થયું, 'લાવ, આજે ભગતજી આગળ પેટછૂટી વાત કરી દઉં.'

ચોર બોલ્યો: 'ભગતજી, હું તો પાપી માણસ છું! મારી ઘરવાળી સોનાનું માણસ છે. પણ હું પથરો! શું થાય? પહેલાંથી જે કામ કરવાની ટેવ પડી ગઇ હોય, એ કંઈ

ઓછી છૂટે? બાપજી, વાત એમ છે કે, મારો ધંધો રહ્યો ચોરીનો! આપની પાસે આવીને બેસું, ભગવાનની વાત સાંભળું, તો મારે મારો ધંધો જ છોડી દેવો પડે! મારી એટલી તૈયારી નથી. ચોરી કર્યા વિના હું ભૂખે જ મરું!'

રામજી ભગત એની પીઠ પર હેતથી હાથ ફેરવતા બોલ્યા: 'અરે મારા ભાઈ, મારી આગળ ડર શાનો? તમે આટલા ખુલ્લા દિલે વાત કરી શકો છો એ કાંઈ નાનીસૂની બાબત નથી. તમે લહેરથી ચોરીનો ધંધો કરજો. હું તમને એ અંગે એક શબ્દ પણ નહિ કહું. અમે પણ ચોરીનો જ ધંધો કરીએ છીએ ને? તમે કોઈનાં પૈસા–ઘરેણાં એવું ચોરો છો, અમે કોઈનાં દિલ ચોરીએ છીએ. એટલે આપણે બંને ચોર જ છીએ! કેમ ખરું ને? માટે મારા ભાઈ, તમારા આ ધંધાભાઈની પાસે કોઈ કોઈ વાર પધારવાની મહેરબાની કરજો.'

પેલો ચોર તો ભગતજીની વહાલભરી વાતો સાંભળી ઘેલો ઘેલો બની ગયો. તે હરખાતો બોલ્યો: 'બાપજી, જો મારા ધંધાનો આપને વાંધો ન હોય, તો ખુશીથી આવીશ.'

ભગતજી બોલ્યા: 'ભાઈ, તમે ખુશીથી આવજો. તમે આવશો તો મને ગમશે.'

ચોર બીજા દિવસથી ભજન–કીર્તન સાંભળવા જવા લાગ્યો. એની પત્ની પણ આ જોઈને ખૂબ રાજી થઈ. જેમ જેમ પેલો ચોર ભગતજીની બોધપ્રદ વાણી સાંભળતો ગયો, તેમ તેમ તે એમની ભણી વધારે ને વધારે ખેંચાવા લાગ્યો.

આમ કરતાં કરતાં એક મહિનો વીતી ગયો.

એક દિવસે ચોર રામજી ભગતને પગે લાગીને બોલ્યો: 'બાપજી, આપની પાસે આવીને બેસવાથી મારો જન્મારો

સુધરી ગયો. બાજુના નગરમાં જઈને હું ઘણી વાર જુગાર રમતો, દારૂ પીતો. પણ હવે એ બધી બદીમાંથી હું બચી ગયો છું. બાપજી, મને આશીર્વાદ આપો.'

રામજી ભગત કહે : 'ભાઈ, પણ આશીર્વાદ આમ ન મળે. ગુરુને કંઈ દક્ષિણા તરીકે આપવું જોઈએ કે નહિ ? મારે પૈસા-બૈસા ન જોઈએ. એકાદ વ્રત પાળવું પડશે.'

ચોર બોલ્યો : 'બાપજી, આપ જે કહેશો તે વ્રત લઈશ. માત્ર ચોરીનો ધંધો છોડવાની વાત ન કરશો.'

રામજી ભગતે કહ્યું : 'અરે, મારા ભાઈ, એ વિશે તો આપણી વચ્ચે પહેલાંથી ચોખવટ થઈ જ છે. હું તને ચોરીનું કામ છોડવાનું ક્યાં કહું છું ? પણ આવું કંઈ વ્રત લે કે, "આજથી કદી જૂઠું નહિ બોલું." કેમ, તને કબૂલ છે ને ?'

ચોર કહે : 'ભલે. હું આજથી વ્રત લઉં છું કે, કદી જૂઠું બોલીશ નહિ.'

હવે એક દિવસ એ ચોર બાજુના નગરમાં ચોરી કરવા ગયો. મધરાતનો સમય હતો.

એવામાં સામેથી એક માણસ ચોરને મળ્યો. પેલા માણસે પૂછ્યું : 'કોણ છો તમે ?'

ચોર બોલ્યો : 'ચોર છું.'

પેલો માણસ ચમક્યો !

એ માણસ બીજું કોઈ નહિ, પણ એ નગરનો રાજા જ હતો. તે વેશપલટો કરીને નગરચર્યા જોવા નીકળ્યો હતો.

ચોરને આમ સાચેસાચું બોલતો જોઈને રાજા નવાઈ પામ્યો ! રાજાને થયું, 'આ કોઈ પાગલ માણસ તો નથી ને ? પોતે ચોર છે એમ કોઈ કદી કહે ખરું ?'

રાજાએ કુતૂહલથી પૂછ્યું : 'ક્યાં જાય છે?'

ચોર કહે : 'ચોરી કરવા.'

રાજાએ પૂછ્યું : 'ક્યાં?'

ચોર સહજ ભાવે બોલ્યો : 'રાજાના મહેલમાં.'

એ સાંભળીને રાજાએ કહ્યું : 'ભાઈ, તો મને પણ તારો ભાગીદાર બનાવ. આપણને જે મળે તે વહેંચી લઈશું.'

ચોરે કબૂલ કર્યું. રાજા તેની સાથે જવા લાગ્યો. રાજાએ વાતવાતમાં ચોરના ઘરનું સરનામું વગેરે પૂછી લીધું.

બંને જણા રાજાના મહેલના પાછળના ભાગમાં ગયા. ચોર રાજાને બહાર ઊભો રાખી મહેલમાં દાખલ થયો.

ચોરે ખજાનામાંથી કીમતીમાં કીમતી ચીજ લેવાનું વિચાર્યું હતું. તેણે બધી વસ્તુઓને આમતેમ કરી નાખી. છેવટે તેના હાથમાં નાનકડી સુંદર દાબડી આવી.

ચોરે ઉઘાડીને જોયું. તેમાં ત્રણ કીમતી રત્નો હતાં. એ જોઈને ચોર રાજી રાજી થઈ ગયો. ચોરે વિચાર્યું : 'અમને બે વચ્ચે બે રતન બસ છે. ત્રણ રત્ન બે વચ્ચે શી રીતે વહેંચી શકાય? બે રત્ન પૂરતાં છે.'

એમ વિચારીને ચોરે દાબડીમાંથી બે રત્ન લીધાં અને એક રત્ન દાબડીમાં જ રહેવા દીધું.

બહાર આવીને ચોરે પોતાના સાથીદારને કહ્યું : 'એક દાબડીમાં ત્રણ કીમતી રત્ન હતાં. એમાંથી આપણે માટે બે લઈને એક એમાં જ રહેવા દીધું. એક રત્ન તું લે અને એક રત્ન હું લઉં છું. ચાલો, ત્યારે આપણે છૂટાં પડીએ. હવે કોઈ વાર મળજો ત્યારે.'

એમ કહીને બંને પોતપોતાને માર્ગે ગયા.

સવારે ખજાનચીએ ખજાનાનો દરવાજો ઉઘાડ્યો. જુએ તો બધું વેરણછેરણ પડ્યું હતું! તે તો ગભરાઇ ગયો. તે દોડતો દોડતો પ્રધાનને ખબર આપવા ગયો.

પ્રધાન આવીને બધું તપાસવા લાગ્યો. તેણે જોયું કે, બધું બરોબર હતું. કશું ચોરાયું નહોતું.

એવામાં તેની નજર નીચે પડેલી પેલી દાબડી પર પડી. દાબડી ઉઘાડીને જોયું, તો એમાં એક જ રત્ન હતું! બાકીનાં બે રત્નો ગુમ થયાં હતાં.

પ્રધાનને થયું, 'ચોર બહુ કાચો લાગે છે! નહિ તો તે આમ એક રત્ન રહેવા દે ખરો? લાવને, હું જ એ રત્ન ખીસામાં મૂકી દઉં!'

એમ વિચારીને પ્રધાનજીએ એ રત્ન ગજવામાં મૂકી દીધું.

પછી રાજા પાસે જઇને પ્રધાન કહે: 'રાજાજી, ખજાનામાં ચોરી થઇ છે! મેં બધું બરોબર તપાસી જોયું. બધું જરઝવેરાત એમનું એમ છે. પણ પેલો પાકો ચોર આપનાં અતિકીમતી ત્રણ રત્નો ચોરી ગયો છે!'

રાજા વિચારમાં પડી ગયો. તેણે પૂછ્યું: 'શું ચોર મારાં બધાં જ રત્નો ચોરી ગયો? આમતેમ એ પડેલાં તો નથી ને?'

પ્રધાન કહે: 'મહારાજ, મેં આમતેમ બધે જોયું ખરું. પણ રત્નો પડેલાં દેખાયાં નહિ. દાબડી ખાલી હતી.'

રાજાએ હુકમ કર્યો: 'પ્રધાનજી, હમણાં ને હમણાં રાજ્યમાં બધે તપાસ કરો. સાંજ સુધીમાં મને ખબર આપો.'

પરંતુ ચોરનો પત્તો લાગ્યો નહિ.

રાજાએ એ જ સાંજે દરબાર ભર્યો. પછી એક સિપાઇને નામ અને સરનામું આપીને પેલા ચોરને બોલાવી મંગાવ્યો.

ચોર આવીને રાજાની સામે ખડો થયો. રાજાએ પૂછ્યું : 'તેં ગઇ રાતે ક્યાં ચોરી કરી હતી?'

ચોરે કહ્યું : 'મહારાજ, આપના ખજાનામાં.'

રાજાને તો એની સાચેસાચું કહી દેવાની હિંમત જોઇને બહુ નવાઇ લાગી. ભરદરબારમાં રાજા સામે પણ સજાની પરવા કર્યા વિના તે ચોરી કબૂલતો હતો!

રાજાએ પૂછ્યું : 'તેં શાની ચોરી કરી હતી?'

ચોરે કહ્યું : 'રત્નોની.'

રાજાએ પૂછ્યું : 'તેં કેટલાં રત્નો ચોર્યાં હતાં?'

ચોર બોલ્યો : 'બે.'

રાજાએ કહ્યું : 'પણ દાબડીમાં તો ત્રણ રત્નો હતાં. તો પછી તેં બે જ કેમ લીધાં?'

ચોર કહે : 'મારી સાથે એક મારો ભાગીદાર હતો. એટલે મેં રત્નની દાબડીમાંથી ફક્ત બે રત્નો લઈને એક તેમાં જ રહેવા દીધું હતું. ત્રણ રત્નોને બે વચ્ચે શી રીતે વહેંચી શકાય?'

એ સાંભળીને રાજાએ પોતાના ગજવામાંથી એક રત્ન કાઢ્યું. એ પેલા ચોરને બતાવીને રાજાએ કહ્યું : 'આ જ રત્ન હતું કે?'

ચોર તો વિચારમાં પડી ગયો!'

તે કહે : 'તો શું રાતે આપ પોતે જ હતા કે?'

રાજા કહે : 'હા, પણ ખજાનામાં તો બાકીનું એક રત્ન નથી!'

પછી રાજાએ પ્રધાનને કહ્યું : 'પ્રધાનજી, તમે બરોબર તપાસ કરી લાગતી નથી! તમે જરા તમારાં ગજવાં તપાસી જુઓ ને! એ રત્ન તમારા ગજવામાં તો પડચું નહિ હોય ને?'

એ સાંભળીને પ્રધાનજી ધ્રૂજવા લાગ્યા. તેણે રાજાને પગે પડી પોતાનો દોષ કબૂલ કર્યો.



એટલે રાજા ગંભીર બની જઈ કહે : 'પ્રધાનજી, તમે તો રાજ્યના જવાબદાર માણસ છો. તમારાથી આવું બૂરું કામ શી રીતે થાય? આ ચોર તમારા કરતાં હજાર દરજજે સારો કે, તે સાચેસાચું કહી દે છે. માટે આજથી તમે આ ચોરની જગ્યાએ બેસી જાઓ અને આ ચોર આજથી તમારી જગ્યા સંભાળશે.'

આ સાંભળીને ચોર બોલી ઊઠ્યો : 'રાજાજી, મારે આવી ખટપટમાં પડવું નથી. હું તો મારા ગુરુજી જેવા રામજી ભગતનાં ચરણ પાસે બેસીને બાકીનું જીવન પ્રભુભજનમાં પૂરું કરીશ. મારા ગુરુજીએ જ મને સાચે માર્ગે દોર્યો છે. તેમણે મને કથીરમાંથી કંચન બનાવ્યો છે. તેમની માત્ર એક જ સલાહનું પાલન કરતાં હું પ્રધાનપદ પામી શકું છું. તો પછી જો હું મારું જીવન એમને સમર્પણ કરી દઉં, તો મારો આખો જન્મારો જ સુધરી જાય.'

એમ કહીને પેલો ચોર રામજી ભગત પાસે ગયો. તેણે ભગતજીને પગે પડીને બધી વાત કહી સંભળાવી.

રામજી ભગત બોલ્યા : 'ભાઈ, તને રાજાજી જે પદ આપે છે, તેનો સ્વીકાર કર. સાચું વર્તન રાખીને શી રીતે રાજ-કારભાર ચલાવી શકાય છે તેનો દાખલો તું પૂરો પાડ. જો આપણે આપણા જીવનને સત્યને માર્ગે દોરીએ, તો કેવીય મોટી લાલચ સામે પણ આપણે ટકી શકીએ. જીવનમાં આખરે સત્ય આચરણની કિંમત છે, ધનદોલત કે જૂઠાણાની નહિ. સાચી રીતે જીવન જીવતાં જીવતાં જ તું તારા જીવનનો વિકાસ કરી શકશે. માટે રાજાજી પાસે જા અને તેઓ કહે છે એ પ્રમાણે કર.'

ભગતજીનાં વચનો સાંભળીને તેમની આજ્ઞા મુજબ ચોર રાજા પાસે ગયો. રાજાએ તેને પ્રધાન બનાવ્યો અને પેલા જૂના પ્રધાનજી તો જેલની હવા ખાતા બેઠા!

3

# મંગળાનો મોતિયો

એક હતું ગામ. એમાં એક ખેડૂત રહે. એનું નામ મગન. એની પત્નીનું નામ રેવા. બંને ખૂબ મહેનતુ. મગન આખો દિવસ ખેતરમાં કંઈ ને કંઈ કામ કરે. રેવા ઘરનું બધું કામકાજ કરે.

એક દિવસ રેવા છાશ તાણતી હતી. ત્યાં બહાર 'કું-કું-કું-કું' અવાજ આવ્યો.

રેવા બહાર જોવા ગઈ. એક કૂતરો કું-કું કરતો હતો.

તે બાપડો માંદલા જેવો દેખાતો હતો. રેવાને કૂતરાની દયા આવી. તે અંદર ગઈ. થોડો ભાત માટીના વાસણમાં લીધો. ઉપર દૂધ રેડયું. દૂધ-ભાત ચોળીને રેવાએ કૂતરા આગળ મૂકયાં.

કૂતરો લપ લપ કરતો દૂધ-ભાત ખાવા લાગ્યો. ખાતો જાય અને પૂંછડી હલાવતો જાય.

દૂધ-ભાત ખાઈને તે ઓટલા પર ખૂણામાં બેઠો અને જીભ વડે મોં ચાટવા લાગ્યો. પેટમાં કંઈ પડયું, એટલે તેને નિરાંત વળી હતી.

સાંજે મગન ઘેર આવ્યો. આંગણામાં કૂતરાને બેઠેલો જોયો. તેણે રેવાને પૂછયું : 'આ કૂતરો કયાંથી આવ્યો ? રોટલો-બોટલો નાખ્યો કે ?'

રેવાએ બધી વાત કરીને કહ્યું : 'ભલે, એ બાપડો અહીં રહે. એના નસીબનું એ ખાશે.'

મગન બોલ્યો : 'ભલે, ભલે. બેઠો બેઠો ઘર સાચવશે.'

પછી તો કૂતરો મગન સાથે ખૂબ હળી ગયો. મગને એનું નામ મોતિયો પાડ્યું. મગન સાથે મોતિયો ખેતરે જાય અને સાંજે ઘેર આવે. રાતે ઘરની રખેવાળી કરે.

ઘરસંસાર માંડવાને સાત સાત વરસ વીતી ગયાં. પણ ઘરમાં પારણું બંધાયું નહિ! રેવા રોજ વહેલી ઊઠે, સ્નાન કરે અને ભગવાનની આગળ દીવો કરે. ઘૂંટણિયે પડી ભગવાનને પ્રણામ કરીને માગે: 'હે મારા પ્રભુજી! દયા કરો! અમ રાંકના ઘરને ભર્યું ભર્યું કરે એવું બાળક આપો.'

ઘર આંગણે કોઈ ગરીબ, ભિખારી કે સાધુ બાવા આવે, તો રેવા એને કંઈને કંઈ આપે. કોઈ ભૂખ્યું આવી ચડે, તો એને હેતથી જમાડે.

ગામનાં બાળકોને રેવા પ્રેમથી બોલાવે. કોઈ કોઈ વાર તે બાળકોને ધાણી–ચણા મૂઠી મૂઠી ભરીને આપે. વિધવાનાં કે નમાયાં છોકરાં હોય, તો એને રેવા હેતથી ખાસ બોલાવે, વાતો કરે અને ઘરમાં કંઈ સારું કરેલું હોય તે ખવડાવે પણ ખરાં. બધાં છોકરાં એના આંગણામાં રમે તો એનું હૈયું આનંદથી ભરાઈ જતું.

આખરે રેવાનું પુણ્ય ફળ્યું. એને ત્યાં બાળકીનો જન્મ થયો. મગન અને રેવા રાજી રાજી થઈ ગયાં. બાળકીનું નામ પાડ્યું મંગળા.

મંગળા ખરેખર મંગળા જ હતી. એ આવી ત્યારથી ઘરમાં બધે મંગળ મંગળ થઈ ગયું.

મગન આખો દિવસ ખેતરે જાય. થાક્યો પાક્યો ઘેર આવે. પણ હસમુખી મંગળાને જોતાં જ એનો થાક ક્યાંનો ક્યાં જતો રહે. મંગળાને લઈને તે ઘરમાં આમતેમ આંટા મારવા લાગે.

રેવાને પણ ઘરમાં આખો દિવસ વસતી જેવું લાગે. મંગળાના કિલ્લોલ અવાજથી ઘર ગુંજી ઊઠે.

મોતિયાને પણ મંગળા આગળ બેસવાનું અને આનંદથી આમતેમ કૂદવાનું ગમે.

નાનકડી મંગળા પણ મોતિયાને ઓળખી ગઈ હતી. એને જોઈને મંગળા ખુશ ખુશ થઇ જાય. એને હસતી જોઇને મોતિયો ગેલમાં આવી જઇ કૂદંકૂદા કરવા લાગે.

ધીમે ધીમે મંગળા મોટી થવા લાગી. એનો ખાસ ભાઇબંધ હતો મોતિયો. પા પા પગલી કરતી મંગળા મોતિયા પાસે જાય. તેના કાન ખેંચે, પૂછડી તાણે. તેના વાળ ખેંચે. મોતિયો પણ મંગળા જેમ કરે એમ કરવા દે. એને એમાં મજા પડે.

આમ કરતાં કરતાં મંગળા સાતેક વર્ષની થઇ.

હવે મોતિયો ઘરડો થઇ ગયો. એના દાંત પડી ગયા હતા. આંખે પણ ઝાંખપ આવી હતી.

મંગળા એને ખૂબ વહાલ કરતી. પોતાનું ખાવાનું એને આપતી. રોટલો દૂધમાં ચોળીને એની આગળ મૂકતી અને કહેતી : 'મોતિયા, મોતિયા, જલદી જલદી ખા. પછી આપણે રમીએ.'

એક દિવસ સાંજે મગન વાળુ કરવા બેઠો હતો. રેવા નજીક પીરસવા બેઠી હતી. બહાર આંગણામાં મંગળા મોતિયા સાથે રમતી હતી.

મગને ખાતાં ખાતાં રેવાને કહ્યું : 'હવે મોતિયો ઘરડો થઈ ગયો છે. એ કશા કામમાં આવે એવો રહ્યો નથી. માટે એને દૂર વગડામાં છોડી આવવાનો વિચાર કરું છું.'

રેવા એ સાંભળીને વિમાસણમાં પડી ગઈ. તે ધીમે સાદે બોલી : 'ભલેને, બાપડો અહીં પડી રહે! ઘરડો થયો, તેથી શું થયું? આટલાં વરસોથી ઘરમાં રહે છે, પણ એ આપણને ક્યાં ભારરૂપ થયો છે? એના નસીબનું એ ખાશે. આપણી દીકરીને પણ એના વિના ગમશે નહિ. એને તમે મૂકી આવશો, તો મંગળા એના વિના હિજરાશે.'

મગન કહે : 'તને તો જેની તેની દયા બહુ આવે! એ માંદો પડશે તો કોણ એની સેવાચાકરી કરશે? માટે છોડ એ લપ! દીકરીને તો એક–બે દિવસ સૂનું સૂનું લાગશે. પછી એ પણ ભૂલી જશે.'

રેવાએ કહ્યું : 'ભલે, તમને ઠીક લાગે એમ કરો. મારી તો ચોખ્ખી ના છે. પછી જેવી તમારી મરજી!'

મગન હાથ ધોતાં ધોતાં બોલ્યો : 'એ તો હું બધું પતાવી દઈશ. મંગળાને સમજાવતાં કેટલી વાર?'

મગન વહેલી સવારે ઊઠ્યો. તેણે કૂતરાને ગળે દોરડી બાંધી. મંગળા ઘસઘસાટ ઊંઘતી હતી. રેવા મૂંગી મૂંગી જોયાં કરતી હતી.

મગને હાથમાં લાકડી લીધી. દોરડીનો છેડો પકડીને તે ચાલવા લાગ્યો.

મોતિયો આમ તો ઘણી વાર ખેતરે મગન સાથે જતો હતો. પણ આજે પશુને પણ જરા નવાઈ લાગી! આજે એનો ભલો શેઠ એને ગળે દોરડી બાંધીને કેમ લઈ જાય છે? પણ મૂગું પ્રાણી બાપડું શું કહે? મોતિયો મગનની પાછળ પાછળ નીચું મોં કરીને ચાલવા લાગ્યો. પશુને પણ સમજ હોય છે.

રેવા આંગણા આગળ ઊભી ઊભી જોઈ રહી. તેનું દિલ ભરાઈ આવ્યું હતું. જ્યાં સુધી મોતિયો દેખાતો બંધ થયો, ત્યાં સુધી તે જોઈ રહી. પાલવ વડે આંખો લૂછતી ઘરમાં ગઈ. તેને ચિંતા થતી હતી કે, મંગળાને શી રીતે સમજાવીશ?

મન બીજે વાળવા રેવા સૂંડલામાં જુવાર કાઢીને દળવા બેસી ગઈ.

સૂરજદાદા એક વાંસ જેટલા ઉપર આવ્યા. મંગળા ઊઠી. ઘરમાં અને બહાર બધે મોતિયાને જોઈ આવી. મોતિયો ક્યાંય ન દેખાયો. તે બા પાસે જઈને કહે: 'બા, બા, મોતિયો ક્યાં ગયો?'

રેવાએ જવાબ આપ્યો: 'દીકરા, મોતિયો તારા બાપુ જોડે ગયો છે.'

એટલે મંગળા એકલી એકલી રમવા લાગી.

સાંજ પડી. મગન ઘેર આવ્યો. તે આજે પ્રસન્ન ન હતો.

મંગળા મગનને જોઈને બોલી ઊઠી: 'બાપુ, બાપુ, મોતિયો ક્યાં છે?'

મગન ખોટું ખોટું હસતો કહે: 'એ તો છે ને દીકરા, મોતિયો એના ભાઈબંધો સાથે બપોરનો નદી ભણી ફરવા ગયો હતો. સાંજ થવા આવી. પણ એ પાછો ફર્યો નહિ. એટલે હું એકલો આવ્યો છું. એ આવતો જ હશે. એને ક્યાં અજાણ્યું છે?'

મંગળાનું મોં પડી ગયું! તે બહાર ઊભી ઊભી દૂર દૂર જોવા લાગી. અંધારું થઈ ગયું. દીવા એક પછી એક સળગવા લાગ્યા. પણ મોતિયો નહિ આવ્યો. મંગળા નિરાશ થઈને સૂઈ ગઈ.

બીજો દિવસ પસાર થઈ ગયો. પણ મોતિયો પાછો નહિ આવ્યો.

રાતે મંગળા ડૂસકે ડૂસકાં ભરીને રડવા લાગી. તે કહે : 'બાપુ, મોતિયો ક્યાં ગુમાઈ ગયો હશે? એ નદીમાં ડૂબી તો નહિ ગયો હોય ને?'

મગન એને સમજાવવા લાગ્યો. મંગળાને ગોદમાં લઈને તે કહે : 'બેટા, રડ નહિ. આવતી કાલે હું બધે તપાસ કરીશ. એ ક્યાંક દૂર ઉજાણી કરવા ભાઈબંધો સાથે ગયો હશે.'

ત્રીજો, ચોથો, પાંચમો એમ ઘણા દિવસ પસાર થઈ ગયા. પણ મોતિયો આવ્યો નહિ. મંગળા પણ મોતિયાની રાહ જોઈને થાકી ગઈ. તેણે મોતિયાની આશા છોડી દીધી. દિવસમાં એક વાર મોતિયો તેને યાદ આવી જતો ખરો. પણ શું થાય?

પરંતુ મોતિયાનું થયું શું?

મગન દૂર વગડામાં ગયો. તેણે કૂતરાને એક ઝાડના થડ સાથે લાંબી દોરડી વડે બાંધ્યો. રોટલાના થોડાક કકડા નાખ્યા. પછી ધીમેથી તે ત્યાંથી પાછો ફર્યો.

મોતિયો માલિકને ન જોઈને 'કું–કું–કું–કું' કરી ધીમું રડવા લાગ્યો. તે બિચારો જાય પણ ક્યાં?

આમ બપોર થઇ ગઇ. એક વરુ ત્યાં થઇને જતો હતો. તેણે કૂતરાનો કું–કું અવાજ સાંભળ્યો. એટલે તે કૂતરા પાસે ગયો. તેને ઝાડ સાથે બાંધેલો જોઇને વરુએ પૂછ્યું : 'અલ્યા ભાઇ, તને ઝાડ સાથે કોણે બાંધ્યો?'

મોતિયા કૂતરાએ પોતાની વાત વરુને કહી.

એ સાંભળી વરુ બોલ્યો : 'જોયું ને, માણસો કેવા સ્વાર્થી છે! જ્યાં સુધી તું સાજો સમો હતો, ત્યાં સુધી તને રાખ્યો.

તું ઘરડો થયો, એટલે તારી આવી દશા કરી! ભાઇ, રડ નહિ. તું મારી સાથે રહેજે. હું શિકાર કરીને લઇ આવીશ. એમાંથી તને ધરાઇને ખાવા મળશે.'

એમ કહીને વરુએ કૂતરાની દોરડી કાપી નાખી. મોતિયો છૂટો થયો.

પછી તો મોતિયો વરુ સાથે રહેવા લાગ્યો. વરુ પણ એની બરોબર સંભાળ રાખતો.

આમ ને આમ ઘણા દિવસ પસાર થઈ ગયા. પણ મોતિયો નાનકડી મંગળાને યાદ કરી મનમાં ને મનમાં ઝૂર્યા કરતો.

એક દિવસ વરુએ કૂતરાને પૂછ્યું : 'અલ્યા કૂતરાભાઈ, હું કેટલાક દિવસથી જોયા કરું છું કે તું ઉદાસ રહે છે! તને અહીં મારી સાથે મજા નથી પડતી? તને રોજ તાજો તાજો ખોરાક ખાવા આપું છું. છતાં તું કેમ શરીર પકડતો નથી? દિવસે દિવસે સુકાતો જાય છે. બોલ, તને શી તકલીફ છે?'

મોતિયાની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. તે રડતો રડતો બોલ્યો : 'ભાઈ, તમે મને બહુ જ સારી રીતે રાખો છો. તમે મને જે રોજ રોજ તાજું મજાનું ખાવાનું આપો છો, એવું ખાવાનું મેં મારી જિંદગીમાં કદી ખાધું નથી. એ માટે હું તમારો ખૂબ ખૂબ આભાર માનું છું. પણ....' એમ કહીને મોતિયો અટકી ગયો. તેને ગળે ડૂમો ભરાઈ આવ્યો.

વરુનું પણ દિલ ભરાઈ આવ્યું. તે બોલ્યો : 'મારા ભાઈ, કેમ અટકી ગયો? તને જે મૂંઝવણ હોય, તે મને સંકોચ રાખ્યા વિના કહે. તારું દુઃખ દૂર કરવા બનતો પ્રયત્ન કરીશ.'

મોતિયો ભારે હૈયે બોલ્યો : 'ભાઈ, મારું એ દુઃખ તો કાયમનું રહ્યું! મારા શેઠે મને કાઢી મૂક્યો, એનું મને એટલું

બધું દુઃખ નથી. ઘણાં વરસ પહેલાં હું એમને બારણે ભૂખ્યો-તરસ્યો ગયો હતો. રેવામાએ મારા પર દયા લાવીને ખાવાનું આપ્યું. ઘરમાં આટલાં બધાં વરસ આશરો આપ્યો. એટલે હું તો તેઓનો ઉપકાર કદી ભૂલું નહિ.

'પણ....મારા શેઠની નાનકડી દીકરી મને ખૂબ યાદ આવે છે! મંગળા મને ખૂબ વહાલ કરતી હતી. એને મારા વિના ગમતું નહિ હોય, એ વિચાર આવતાં મારું મન ઉદાસ બની જાય છે. મને પણ એના વિના જરાયે ગમતું નથી. ઘણી વાર મને થઈ આવે છે કે, હું ત્યાં છાનોમાનો જાઉં અને મંગળાને જોઉં. પણ હું લાચાર છું!'

વરુએ પૂછ્યું: 'એ દીકરી કેટલાં વરસની છે?'

મોતિયો બોલ્યો: 'મંગળા સાતેક વરસની હશે. અરે વરુભાઈ, તમે એક વાર એને જુઓ, તો તમને પણ એને રમાડવાનું મન થઈ જાય. એવી મંગળા મીઠી છે.'

'મીઠી' શબ્દ કાને પડતાં વરુના મોંમાં પાણી છૂટી આવ્યું. તેને થયું, 'વાહ! આવી મીઠી છોકરીની ઉજાણી કરવા મળે, તો કેવી મજા! લાવ, આજે રાતે જ એનો કોળિયો કરી જાઉં. એમાં આ કૂતરાની મદદ લેવી પડશે. એને શીશીમાં ઉતારતાં કેટલી વાર?' એમ મનમાં ઘાટ ઘડીને વરુ બોલ્યો:

'અરરર, મારા કૂતરાભાઈ, મને તમારી ખૂબ દયા આવે છે! તમને શી રીતે મદદ કરું? તમે એ બચલીની વાત કરી, ત્યારથી મને પણ એને રમાડવાનું મન થઈ આવે છે. ચાલો, આજે સાંજે આપણે ત્યાં જઈએ. રાતે છાનામાના એને જોઈ ને પાછા આવી જઈશું. બોલો, છો તૈયાર?'

મોતિયો તો તરત જ તૈયાર થઈ ગયો.

સાંજ પડી. કૂતરો અને વરુ બંને ગામ ભણી જવા નીકળ્યા. ગામ નજીક આવતાં અંધારું થઈ ગયું હતું. ઘરોમાં ટમ ટમ કરતા દીવા સળગી રહ્યા હતા.

મોતિયો શેઠના ઘર આગળ આવીને થોભ્યો. તેણે ધીમેથી કહ્યું : 'મંગળા કદાચ સૂઈ ગઈ હશે. ચાલો, આપણે પેલી બારી ઉઘાડી છે ત્યાં જઈએ. ત્યાંથી મંગળાને જોઈ શકીશું.'

મંગળા ખરેખર સૂતેલી હતી. મગન રસોડામાં જમવા બેઠો હતો. રેવા પીરસવા બેઠી હતી.

મોતિયો વરુ સાથે બારી ભણી ગયો. તેણે અંદર ડોકાઈને જોયું, તો મંગળા પથારીમાં સૂતી હતી. એને જોઈને મોતિયાનું દિલ ભરાઈ આવ્યું.

વરુએ પણ અંદર જોયું. મંગળાને જોઈને તેની જીભ લપ લપ થવા લાગી. એ બારીને સળિયા ન હતા. એટલે સહેલાઈથી અંદર જવાય તેમ હતું.

હવે વરુએ પોતાનું પોત પ્રગટ કર્યું. તે ઘૂરકીને બોલ્યો : 'એય કૂતરા, મને તો આ મીઠી છોકરીને ખાવાનું મન થાય છે. તું બહાર ઊભો રહે. હું એને પૂરી કરીને પકડી લાવું છું. પછી વગડામાં જઈને આપણે ઉજાણી કરીશું.'

વરુની આવી વાત સાંભળીને મોતિયો ડઘાઈ જ ગયો! તે તરત જ સાવધ થઈ ગયો. તેણે ખોંખારીને કહ્યું : 'અલ્યા વરુભાઈ, તમારા મનમાં ખરાબ વિચાર આવ્યો ક્યાંથી? તમે મને આટલા દિવસ ખવડાવ્યું એ વાત ખરી. એ માટે તમારો આભાર પણ માનું છું. પણ હું તમને આ કામમાં કદાપિ સાથ નહિ આપું. મારી દેખતાં મંગળા પર કોઈ હાથ ઉગામી નહિ શકે. મારા જીવના ભોગે પણ હું એનો સામનો કરીશ.'

મોતિયો આટલું બોલી રહ્યો, ત્યાં તો વરુએ એના પર હુમલો કર્યો. મોતિયો પણ તૈયાર જ હતો. તેણે જોર જોરથી ભસવા માંડ્યું અને વરુને બચકાં ભરવા માંડ્યાં.

શોરબકોર સાંભળીને મગન સફાળો ઊભો થઈ ગયો. કડિયાળી ડાંગ લઈને તે બહાર ધસી આવ્યો. એની પાછળ રેવા પણ દીવો લઈને દોડી આવી.

રેવાએ મોતિયાને તરત જ ઓળખ્યો. તે બોલી ઊઠી : 'જુઓ, જુઓ, આ તો આપણો મોતિયો છે! તે વરુ સાથે બાથ ભીડી રહ્યો છે. મારો એ વરુને જોરથી. આપણા મોતિયાને તે પીંખી નાખશે!'

રેવા બોલે બોલે, ત્યાં તો મગને રોષમાં આવી જઈને વરુના



માથા પર જોરથી ડાંગ વીંઝી. વરુ તમ્મર ખાઈને પછડાઈ પડયો. તેના રામ રમી ગયા.

મગન અને રેવા મોતિયા પાસે દોડી ગયાં. ઘરમાંથી ઠંડું પાણી લાવીને રેવાએ મોતિયા પર છાંટયું. મોતિયો થાકને લીધે હાંફી રહ્યો હતો.

રેવાએ પોતાનું જૂનું લૂગડું ફાડીને મોતિયાને પાટાપીંડી કરી. તે એને ઘરમાં લઇ આવી. પછી રસોડામાં જઇને રેવા દૂધ-ભાત લઇ આવી અને મોતિયા આગળ મૂકયાં.

પહેલે દિવસે મોતિયો બારણે આવ્યો હતો, ત્યારે રેવાએ તેને દૂધ-ભાત જ આપ્યાં હતાં. એ બધું રેવાને યાદ આવ્યું. એની આંખ ભીની થઇ. તે દૂધ-ભાત ખાતા મોતિયાને હેતથી જોઇ રહી.

મગન પણ મનમાં પસ્તાવો કરતો મોતિયાને હેતથી પંપાળવા લાગ્યો. તે બોલ્યો : 'રેવા, આજે મોતિયો ન હોત, તો પેલો લોહીતરસ્યો વરુ આપણી મંગળાને ફાડી જ ખાત! મેં તે દિવસે ભારે ભૂલ કરી હતી!'

રેવાએ લાગ જોઇને મહેણું માર્યું : 'તમે ભાયડાઓ પોતાના મનનું ધાર્યું કરવા માગો અને અમારી તો જાણે કોડીની પણ કિંમત નહિ! મેં તમને તે દિ કેટલા વાર્યા, પણ માને એ બીજા! ચાલો, જે થયું એ સારા માટે. હવે પછી મોતિયાનું નામ લીધું છે તો ખબરદાર!'

બીજે દિવસે સવારે મોતિયાને જોઈને મંગળા ઘેલી ઘેલી થઈ ગઇ. તે મોતિયાને વહાલથી ભેટી જ પડી.

પછી મંગળા અને મોતિયો પાછાં આનંદમાં રમવા લાગ્યાં.

## ૪

# વાંદરાના દોસ્તદારો

એક વન હતું. એમાં ઘણાં વાંદરા રહે. એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદાકૂદ કરે. ચિચિયારીઓ પાડી આખા વનને ગજવી મૂકે.

એક દિવસ એક વાંદરો ડાળી પકડીને બીજા ઝાડ પર કૂદકો મારવા ગયો. એવામાં એના હાથમાંથી ડાળી છટકી ગઈ. તે નીચે પટકાઈ પડયો. સારે નસીબે નીચે સૂકાં પાંદડાંનો ઢગલો હતો. એટલે તેને બહુ વાગ્યું તો નહિ. પણ પગમાં જરાક વાગ્યું અને લોહી નીકળવા લાગ્યું.

વાંદરો નજીકના ઝરણા પાસે ગયો. ને જખમ ધોવા લાગ્યો.

ઝરણા પાસેના ઝાડ પર બીજો વાંદરો બેઠો હતો. તે લહેરથી કૂણી કૂંપળો તોડી તોડીને ખાતો હતો. તેની નજર પેલા વાંદરા પર પડી.


તેને જોઈને વાંદરો બોલ્યો : 'અરે, આ તો મારો દોસ્તદાર છે! એને શું થયું હશે? લાવ, જરા જોઈ તો આવું.'

તે કૂદકો મારી નીચે ઊતર્યો. પેલા વાંદરા પાસે જઈને બોલ્યો : 'કાં ભાઈ, આ શું થયું? કયાંકથી પછડાયા લાગો છો! ઘામાંથી લોહી પણ નીકળે છે ને!'

પેલા વાંદરાએ કહ્યું : 'એ તો જરાક વાગ્યું છે. હાથમાંથી ડાળી છટકી ગઈ. એટલે નીચે પટકાયો. સારું થયું બહુ વાગ્યું નથી. સહેજ ઘસરકો પડયો છે. એ તો આમ જ સારું થઈ

જશે. એની કોણ ચિંતા કરે?'

બીજો વાંદરો ઠાવકું મોં કરીને બોલ્યો : 'જુઓ ભાઈ, આમ બેદરકાર રહેવું ઠીક નહિ. કોઈ વાર આવો નાનકડો ઘા જ જીવલેણ પડે. માટે પહેલેથી જ સંભાળ લેવી સારી. હું તને વનસ્પતિનો પાલો લાવી આપું છું. એનાથી ઘા ઝટ રુઝાઈ જશે. એ પાલો ઘા પર બાંધી દેજે. બે એક દિવસ સુધી પાટો છોડતો નહિ. એટલા વખતમાં તો તને એકદમ સારું થઈ જશે. તું અહીં જ બેસ. હું થોડીક જ વારમાં પાલો લઈને આવું છું.'



એમ કહી તે ઠેકડા મારતો મારતો દૂર ચાલ્યો ગયો. પેલો વાંદરો એની રાહ જોતો ત્યાં જ બેઠો.

થોડીક જ વારમાં પેલો બીજો વાંદરો આવી પહોંચ્યો. એના હાથમાં પાલો હતો. તે કહે : 'લાવ, હું જ તને પાલો મૂકી બરોબર પાટો બાંધી આપું. નહિ તો ભાઈસાહેબ કંઈ જાતે બાંધે એવા નથી. હું તને ક્યાં નથી ઓળખતો ?'

તેણે પેલા વાંદરાની સંમતિ લીધા વિના જ પાટો બાંધી આપ્યો.

પછી જતાં જતાં તેણે કહ્યું : 'જોજે, હાં, પાટો છોડતો–બોડતો નહિ. નહિ તો પછી તારી વાત તું જાણે! મેં તો મારો મિત્રધર્મ બજાવ્યો છે.'

થોડી વાર થઈ ત્યાં તો 'હૂપ હૂપ' કરતો ત્રીજો વાંદરો ત્યાં ટપકી પડચો. તેની નજર પેલા વાંદરા પર પડી. એ પણ તેનો ઓળખીતો નીકળ્યો.

તે પેલા વાંદરા પાસે ગયો અને બોલ્યો : 'કેમ ભાઈ, તમે ઉદાસીન કેમ દેખાવો છો? તબિયત બગડી છે કે શું? અને પગે આ મોટો પાટો શાનો બાંધ્યો છે? ક્યાંક વાગ્યું છે કે શું? કોઈની સાથે બાંઝંબાઝા તો નથી થઈને ?'

પેલા વાંદરાને બધી વાત કહી.

એટલે ત્રીજો વાંદરો ગંભીર થઈને બોલ્યો : 'મારા ભાઈ, તું પણ ખરો છે! કશું જાણ્યા વિના જખમ પર જે તે બાંધી દેવું ન જોઈએ. આવી મૂર્ખાઈ તને કયાંથી સૂઝી? જખમને બરોબર તપાસવો જોઈએ કે નહિ?' તને ખબર તો છે જ કે બે–ચાર મહિના ઉપર મારો ભાઈ આવા જ નાનકડા જખમથી ખૂબ હેરાન થઈને મરી ગયો હતો! ઘણી વાર

જખમ લાગે નાનો પણ તેમાં કોઈ ઝેરી વસ્તુ ઘૂસી જાય, તો ભારે થઈ પડે. તારા જખમમાં પણ કંઈ ઘૂસી-બૂસી ગયું હશે, તો નાહકનો આખો પગ નકામો થઈ જશે! લાવ, હું જરા જોઈ આપું.'

પેલા વાંદરાએ કહ્યું : 'ના, ભાઈ, ના. તેવું કશું ઘૂસી ગયું નથી. બેએક દિવસ ભલે આમ પાટો રહે. પેલા વાંદરાએ મને બે એક દિવસ પાટો છોડવાની ના પાડી છે. બે દિવસ પછી નહિ મટે, તો હું જરૂર તારી પાસે આવીશ. તું ક્યાં દૂર રહે છે?'

ત્રીજો વાંદરો બોલ્યો : 'અરે ભાઈ, તું આવા અંધ વિશ્વાસમાં ક્યાં ફસાઈ ગયો? કંઈ ઓડનું ચોડ થઈ જશે, ત્યારે ખબર પડશે. લાવ, મને જરા જોવા દે.'

તેમ કહીને તેણે પાટો છોડવા માંડ્યો. પાલો કાઢીને દૂર ફગાવી દીધો. જખમને પાણીથી ધોઈ કાઢ્યો. પછી કાંટા જેવું લઈને તેણે જખમને ખણી નાખ્યો. તે કહે : 'હાશ, જખમમાં કશું ઘૂસી ગયું નથી. લાવ, હું ખાસ પાલો લઈ આવું. એ બાંધશે એટલે કાલે તો તું મન ફાવે તેમ કૂદકા મારવા લાગી જશે.'

તે બીજો પાલો લઈ આવ્યો, તેણે મોં પર ગંભીર ભાવ લાવીને પાટો બાંધી આપ્યો. જાણે બહુ મોટું કામ કરી નાખ્યું ન હોય! જતાં જતાં તેણે શિખામણ આપી : 'અલ્યા, કંઈ ખાટું-બાટું ખાતો નહિ—નહિ તો જખમ પાકી જશે.'

ત્રીજો વાંદરો ગયો. એટલે પેલો વાંદરો લંગડાતો લંગડાતો ઝાડ પર ચડી ગયો અને કુમળાં પાંદડાં તોડીને ખાવા લાગ્યો.

બીજો દિવસ ઊગ્યો. પણ જખમ ખણી નાખેલો હોવાથી ઊંડો થયો હતો. તેથી એકદમ આરામ તો શી રીતે થાય? પેલો વાંદરો ખોડંગાતો ખોડંગાતો જતો હતો.

એવામાં એનો ઓળખીતો મિત્ર ચોથો વાંદરો એને સામો મળ્યો.

પેલા વાંદરાની આવી દશા જોઈને એને પણ હેત ઊભરાઈ આવ્યું. તે બોલ્યો : 'મારા દોસ્ત, પગે આ શું થયું છે? મને તો હમણાં ખબર પડી. નહિ તો તારી ખબર લીધા વિના રહું ખરો? ક્યાંકથી બરોબર પટકાઈ પડયો લાગે છે. શું રાતે ઝોકું-બોકું આવી જતાં ઝાડ પરથી પડી તો નથી ગયોને? તારું તો ભલું પૂછવું!'

પેલા બાપડા વાંદરાએ કચવાતા મને બધી વાત કરી.

એ સાંભળીને પેલો ચોથો વાંદરો બોલી ઊઠયો : 'અરે મારા ભાઈ, ગઈ કાલે જો મારી પાસે આવ્યો હોત, તો આજે તું લહેરથી એક ઝાડ પરથી બીજા ઝાડ પર ઠેકંઠેક કરતો હોત. તું પણ ખરો છે! જેની તેની પાસે ઉપચાર કરાવવા મંડી પડે છે! આ તો ઠીક છે કે આજે હું આ તરફ આવી ચડયો. નહિ તો ભાઈસાહેબને જિંદગી-ભરની ખોડ રહી જાત.'

પેલા જખમી વાંદરાને થયું, 'આ વળી બીજી ઉપાધિ આવી વળગી!' તેણે ના પાડતાં કહ્યું : 'ભાઈ, હવે શું થાય? નસીબમાં જે લખાયેલું હોય એ ભોગવ્યે જ છૂટકો.'

ચોથો વાંદરો કહે : 'જો ભાઈ, તને મારી વાત ગળે ઊતરતી હોય તો કહું. મને પારકી પંચાત કરવાનું ગમતું નથી. તું મને ક્યાં નથી ઓળખતો? સાંભળ, મારી પાસે એક અકસીર દવા છે. મેં આજ સુધીમાં કેટલાય જખમોને એ દવાથી સાજા કર્યા છે. પણ પહેલા મને જખમ જોઈ લેવા દે.

એમ કહીને એ વાંદરો પાટો છોડવા લાગ્યો. પેલા વાંદરાએ બહુ ના પાડી, પણ એણે માન્યું નહિ.

ચોથા વાંદરાએ પાટો છોડી નાખ્યો. કાંટા જેવું લઈને જખમને વધારે ચૂંથી નાખ્યો! પછી દવા લગાડીને તેણે પાટો બાંધ્યો.

તે વાંદરો ગર્વથી બોલ્યો : 'બસ, હવે કાલે તું દોડતો–કૂદતો થઈ જશે. અચ્છા, હું હમણાં દવા લઈને આવું છું.'

થોડી વારમાં એ ચોથો વાંદરો કોઈ વનસ્પતિનો પાલો લઈને આવ્યો. ઘા પર પાટો મૂકી તેણે કાળજીથી પાટો બાંધી દીધો.

પછી તે ઠેકડો મારીને ઝાડ પર ચડી ગયો. એક ઝાડ પર થી બીજા ઝાડ પર કૂદતો–કૂદતો તે દૂર નીકળી ગયો.

અહીં પેલા વાંદરાની પીડા ખૂબ વધી ગઈ। એ જખમ નાનો અને ઝટ રુઝાઈ જાય એવો હતો. પરંતુ એના ઉત્સાહી દોસ્ત-દારોના જતનભર્યાં ઉપચારથી એ જખમ ઊંડો અને ચૂંથાઈ ગયો હતો. એને સાજો કરતાં કરતાં એ બાપડા વાંદરાનો દમ નીકળી ગયો!

૫

# પિતાની શિખામણ

કાશી નામે નગરી. એમાં બ્રહ્મદત્ત નામે રાજા રાજ્ય કરે. એનું રાજ્ય બહુ મોટું. એની સેના પણ બહુ મોટી. ઘણા રાજાઓનાં રાજ્ય તેણે જીતી લીધાં.

કોસલનું રાજ બહુ નાનું. એની સેના પણ નાની. પણ કોસલનો રાજા દીધીતિ એના સારા વિચાર અને સારા વર્તનથી બધે જાણીતો હતો.

કાશી નરેશે કોસલરાજનાં વખાણ સાંભળ્યાં. એનો જીવ બળી ગયો. તેણે કોસલ પર ચડાઈ કરી.

કાશી રાજાની મોટી બળવાન સેના આગળ કોસલ રાજાની નાની સેનાનું શું ગજું? કોસલરાજ હાર્યો. જીવ બચાવવા તે રાણી સાથે નાસી ગયો.

કોસલરાજે ભિક્ષુનો વેશ ધારણ કર્યો. તે કાશીમાં જ રહેવા ગયો.

થોડા વખત પછી રાણીએ પુત્રને જન્મ આપ્યો. એનું નામ પાડયું દીઘાવુ. દીઘાવુ એટલે લાંબા આયુષ્યવાળો.

દીઘાવુ મોટો થયો. એટલે કોસલરાજ વિચારવા લાગ્યો: "કાશીરાજ અમારી શોધમાં છે. એને જો અમારી ખબર પડશે, તો અમને ત્રણેને મારી નાખશે! તેથી કુમારને બીજે મોકલી દેવો સારો.'

કોસલરાજે કુમારને નગરની બહાર બીજે મોકલી દીધો.

એક દિવસ કાશીરાજને ખબર પડી કે, કોસલના રાજા ભિક્ષુના વેશે કાશીમાં જ રહે છે. તેણે બધે તપાસ કરી. કોસલના રાજા અને રાણીને પકડીને દરબારમાં હાજર કરવામાં આવ્યાં.

કાશીરાજ ખારીલો હતો. તેણે રાજારાણીનો ખુલ્લામાં વધ કરવાનો હુકમ કર્યો.

રાજારાણીને બાંધીને નગરમાંથી વધસ્થાને લઈ જવામાં આવ્યાં.

હવે તે જ દિવસે દીઘાવુ કુમાર પણ પોતાનાં માતાપિતાને મળવા ઘણે દિવસે કાશી આવ્યો હતો !

કુમારને આ વાતની ખબર પડી. એટલે તે તરત જ વધસ્થાને પહોંચી ગયો.

કોસલરાજે કુમારને જોઈ લીધો. એટલે તે ઊંચે સાદે બોલ્યો :

'બાપુ !'

'લાંબું જોઈશ નહિ;

'ટૂંકું જોઈશ નહિ;

'વેરથી વેર નહિ શમે;

'અવેરથી જ વેર શમે.'

આ રીતે કોસલરાજ ત્રણ વાર જોરથી બોલ્યો.

પછી તો રાજારાણીનો વધ કરવામાં આવ્યો! બધાં ધીમે ધીમે વિખરાઈ ગયાં.

રાત પડી. બધે સૂમસામ હતું. દીઘાવુ કુમાર છાનોમાનો આવ્યો. તે માબાપના મૃતદેહને ઉપાડીને નગર બહાર લઈ આવ્યો.

ભારે હૈયે તેણે માબાપનાં શરીરનો અગ્નિદાહ કર્યો. પછી તે હૈયું ખોલીને ખૂબ રડચો!

પછી કુમાર મનમાં કંઈ વિચારીને કાશીરાજના દરબારમાં ગયો. તેણે નોકરીની માગણી કરી.

કાશીરાજ આવા તેજસ્વી જુવાનને જોઈને રાજી થયો. થોડા વખતમાં દીધાવુએ રાજાનું દિલ જીતી લીધું. રાજા તેના પર ખુશ થઈ ગયો. તેણે દીધાવુને પોતાનો અંગરક્ષક બનાવ્યો.

દીધાવુ રાજાની ખૂબ સંભાળ રાખે. તે રાજાની પહેલાં ઊઠે; રાજાના સૂતા પછી સૂએ, તેની આજ્ઞાનું ઝટ પાલન કરે. રાજાનો આદર રાખે. બહુ વિનયપૂર્વક બોલે. વર્તન પણ સંયમભર્યું કરે.

રાજા દીઘાવુ પર પ્રસન્ન રહેતો. તેને પોતાનો ખાસ વિશ્વાસપાત્ર સેવક ગણવા લાગ્યો.

હવે એક વખત રાજા શિકારે ગયો. દીઘાવુ તેનો રથ હાંકતો હતો. શિકારની પાછળ પડતાં રાજાનો રથ ખૂબ દૂર નીકળી ગયો. રાજા તેના રસાલાથી છૂટો પડી ગયો.

રાજાએ દીધાવુને કહ્યું: 'હવે રથ છોડી નાખ. હું થાકી ગયો છું. થોડોક આરામ કરું. તેટલામાં આપણા માણસો આવી પહોંચશે.'

દીઘાવુએ ઘોડા છોડી નાખ્યા. તે એક ઝાડ નીચે પલાંઠી વાળીને બેઠો. રાજા તેના ખોળામાં માથું મૂકીને સૂતો. થાકને લીધે તે તરત જ ઘસઘસાટ ઊંઘી ગયો.

તે વખતે દીધાવુને વિચાર આવ્યો: 'વેર લેવાની આ મજાની તક છે. આ દુષ્ટ રાજાએ મારાં વહાલાં માતાપિતાને

મારી નાખ્યાં છે. એ હવે મારા હાથમાંથી જીવતો છટકે એમ નથી.'

એમ વિચારીને દીઘાવુએ મ્યાનમાંથી તલવાર ખેંચી. ત્યાં તો તેના પિતાએ કહેલા શબ્દો તેના કાનમાં ગુંજી ઊઠ્યા :

'બાપુ, લાંબું જોઈશ નહિ; ટૂંકું જોઈશ નહિ. વેરથી વેર નહિ શમે; અવેરથી જ વેર શમે.'

દીઘાવુએ તરત જ તલવાર મ્યાન કરી દીધી.

બીજી વાર પણ આમ જ બન્યું.

ત્રીજી વાર દીઘાવુ તલવાર ખેંચીને મ્યાન કરવા જતો હતો, તેવામાં રાજા ઝબકીને એકદમ જાગી ઊઠ્યો ! રાજાના મોં પર ગભરાટ હતો.



દીઘાવુએ પૂછ્યું : 'મહારાજ, આમ કેમ એકદમ ઝબકીને જાગી ઊઠ્યા? ખરાબ સ્વપ્નું આવ્યું કે શું?'

રાજાએ કહ્યું : મને એવું સ્વપ્નું આવ્યું કે, મારા જૂના દુશ્મન રાજાનો પુત્ર મને મારવા તલવાર ઉગામીને ધસી આવ્યો છે! કોસલ દેશનાં રાજા રાણીને મેં મારી નાખ્યાં છે. પણ તેનો પુત્ર મારા હાથમાંથી છટકી ગયો છે. તેનો મને ઘણી વાર ભય રહે છે. તે જો હાથમાં આવી જાય, તો એને મારી નાખીને હું નિરાંત અનુભવું.'

કુમારે તરત જ તલવાર દૂર ફેંકી દીધી. તે હિંમતપૂર્વક બોલ્યો 'મહારાજ, હું જ એ કોસલરાજનો પુત્ર છું. તમને મારી નાખવા જ માગતો હતો. પરંતુ મારા પિતાની છેલ્લી શિખામણ યાદ આવતાં મેં એ વિચાર છોડી દીધો. મહારાજ, મને માફ કરો. હવે આપને જે કરવું હોય તે કરો.'

આ સાંભળીને રાજાને ખૂબ નવાઈ લાગી. તે દીઘાવુને હેતથી ભેટી પડયો.

રાજાએ કહ્યું : 'હે કુમાર. હું તારા પર ખૂબ પ્રસન્ન થયો છું. તેં મને આજે જીવતદાન આપ્યું. પણ તારા પિતાની છેલ્લી શિખામણ શી હતી કે, તું મને મારતાં અટકી ગયો?'

કુમાર બધી વાત કહીને બોલ્યો : 'મારા પિતાએ છેલ્લે મને સાદ પાડીને કહ્યું હતું, 'બાપુ, લાંબું જોઈશ નહિ; ટૂંકું જોઈશ નહિ. વેરથી વેર નહિ શમે; અવેરથી જ વેર શમે.' આ શબ્દો મને હમેશાં સાવધ રાખે છે."

રાજાએ પૂછ્યું : 'કુમાર, એ શબ્દોનો શો અર્થ થાય?'

કુમારે કહ્યું : 'મહારાજ, સાંભળો. 'લાંબું જોઈશ નહિ' એટલે લાંબા વખત સુધી વેર લંબાવ્યા કરતો નહિ; જલદી

ભૂલી જજે. "ટૂંકું જોઈશ નહિ" એટલે વાતવાતમાં મિત્રતા તોડી નાખીશ નહિ; ગમ ખાઈ જજે. "વેરથી વેર નહિ શમે" એટલે મહારાજ કાશીરાજે મારાં માતાપિતાને મારી નાખ્યાં, માટે હું મહારાજને મારી નાખું; પછી મહારાજના પક્ષવાળા મને મારી નાખે; એમ વેર વધતું જ જાય, શાંતિ નહિ થાય. "અવેરે જ શમે વેર" એટલે મનમાંથી વેર વાળવાનો વિચાર છોડી દઈએ, તો વેરનો અંત આવે છે. આપણે એકબીજા તરફનો વેરભાવ છોડી દીધો, એટલે આપણા વચ્ચે મિત્રતા પાકી થઈ. મારા પિતાની શિખામણનો હું આવો અર્થ કરું છું.'

દીઘાવુની વાત સાંભળીને કાશીરાજ ખૂબ પ્રસન્ન થયો. તેણે દીઘાવુને કોસલનું રાજ પાછું સોંપ્યું. વળી રાજાએ પોતાની પુત્રી સાથે દીઘાવુનાં લગ્ન કર્યાં.